**ક્રિમીનલ કેસ નં.૨૦૦૦૦૨/૨૦૦૨ ના કામે આંક–૧ લગત હુકમ.**

---

આ કામે રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો રજીસ્ટ્રાર ઓફ કંપની કે જે ફરીયાદી છે તેઓએ કુલ છ આરોપીઓ સામે ૨૦૦૨ ની સાલમાં ફરીયાદ દાખલ કરેલી. ત્યારબાદ સદર કામે આરોપીઓને સમન્સ/વોરંટની બજવણી કરવામાં આવેલ હોવા છતાં આરોપીઓને સમન્સ/વોરંટ બજે કે વગર બજે પરત આવેલ નથી. આ બાબતે ફરીયાદપક્ષના વિ.પ્રોસિકયુટર નું પણ ધ્યાન દોરવામા આવેલ અને સરનામું રજૂ કરવા જણાવેલ, પરંતુ તેઓ તરફથી આજદિન સુધી આરોપીઓના સરનામા રજૂ કરવામા આવેલ નથી તેમજ અરજીઓ પણ રજૂ કરવામા આવેલ નથી. હાલની ફરિયાદ એ ખાનગી ફરિયાદ તરીકે દાખલ થયેલ છે તેથી ફરિયાદીની ફરજ છે કે, આરોપીને સમન્સ/વોરંટની બજવણી થાય તેવી કાર્યવાહી કરવી અને જો આરોપીના સરનામા ન હોય તો પણ તેઓએ સરનામું મેળવીને રજૂ કરવું જોઈએ. અદાલત પોતે આરોપીઓનું સરનામું મેળવી શકે તેમ નથી, જેથી જો ફરિયાદી આરોપીઓના સરનામા રજૂ ન કરે તો તે કારણસર કેસની કાર્યવાહી આગળ વધી શકે નહીં અને આજ કારણસર છેલ્લા કેટલાક વર્ષોથી આરોપીઓના સરનામા વગર કેસની કાર્યવાહી આગળ વધી શકેલ નથી. નામદાર હાઈકોર્ટે પણ જૂના કેસમાં તુર્ત નિકાલ બાબતે સુચનો કરેલ છે. આ સંજોગોમાં ફરિયાદી આટલા વર્ષોમાં પણ આરોપીઓના સરનામા રજૂ કરી શકેલ ન હોય અને તે કારણે કેસની કાર્યવાહી આગળ વધી શકે તેમ ન હોઈ એક માત્ર વિકલ્પ અદાલત પાસે ફરિયાદ કાઢી નાખવાનો જ રહે છે જે તમામ હકીકત ધ્યાને રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

ફરીયાદીએ આરોપીઓના સાચા સરનામા રજુ કરેલ ન હોય સદર કેસની કાર્યવાહી બંધ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૦૮/૦૨/૨૦૨૦
અમદાવાદ.

(આર.બી.મારફતિયા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ, કોડ નં.જીજે૦૦૬૩૩.